# ફાયર એનઓસી વિના ધમધમતી હોસ્પિટલ સામે તવાઈની શકયતા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં ફાયર વિભાગે સપાટો બોલાવતા ૨૯૩ એકમો સામે સીલીંગ કાર્યવાહી કરી હતી. સેકટર-૧૧ ના હવેલી આર્કેડ, અભિષેક, સુમનટાવર અને શાલિન કોમ્પ્લેક્ષમાં આવેલી ઓફિસ-દુકાનો સીલ મારવામાં આવી હતી. ત્યારે આ બિલ્ડીંગના સંચાલકો દ્વારા ફાયર સેફટીના સાધનો અને ફાયરને લગતી જરુરી ક્ષતિઓ દુર કરવામાં આવતા ફાયર એનઓસી મળી જતા ફરીવાર પાછા સેકટર-૧૧ નો વાણીજય વિસ્તાર ધમધમી ઉઠયો છે. જયારે આગામી સમયમાં ફાયર એનઓસી વિના ધમધમતી હોસ્પિટલ સામે ફાયર વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ફાયર એનઓસી વિના ૪૨૮ જેટલા એકમો ધમધમી રહ્યા હતા. ત્યારે ઉચ્ચકક્ષાએથી આદેશ મળતા જ ફાયર વિભાગ દ્વારા એનઓસી વિના ચાલતા એકમો પર તવાઈ આવી હતી. ફાયર તંત્રએ સતત ત્રણ દિવસ કામ કરીને ચાર કોમ્પ્લેક્ષ સામે કડક કાર્યવાહી હાથ ધરી હતી. દુકાનો-ઓફિસો બંધ થતા જ વેપારીઓ પણ ઉંઘમાંથી જાગીને ફાયર સિસ્ટમને કાર્યરત કરાવવા માટે દોટ મુકી હતી. દરેક ઈમારતમાં ફાયર સિસ્ટમ તો હતી જ પરંતુ કોઈ બંધ પડી હતી. તો કોઈકમાં પંપ કે પાઈપની ખામી હતી. બિલ્ડીંગમાં પાણીનુ પ્રેશર આવતુ ન હતું, વાલ્વ કામ કરતા ન હતા. ફાયર એલાર્મ, સ્પ્રીંન્કલર સહિતની ક્ષતિઓ હતી. જેથી ફાયર વિભાગની તમામ ક્ષતિઓ દુર કરીને ફાયરનું ઈન્સ્પેકશન અને ટેસ્ટીંગ કરાવીને ફાયર એનઓસી મેળવવા દોડધામ કરી હતી. ફાયરની કામગીરી પુરી થતા કેટલાક કોમ્પ્લેક્ષની દુકાનો શનિવારના રોજ ખુલી હતી. જયારે બાકી રહેલી આગામી દિવસોમાં ખુલી જશે. ત્યારે હવે સેકટર-૧૧ ના વાણીજય કોમ્પ્લેક્ષ પછી ફાયર વિભાગની તવાઈ શહેરની ફાયર એનઓસી વિના ધમધમતી હોસ્પિટલ પર આવે તો નવાઈ નહી..!

## ખૂણેખાંચરેથી

- નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઠક્કર કોરોનાથી સંક્રમિત થયા છે.
- આજે જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે વીડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા બેઠક વિકાસ કમિશનરે યોજી હતી.
- જિલ્લા સંકલન સમિતિમાં આજે કલેકટર આર્યએ ''દિશા'' બેઠકને લઈ લાઈન ડિપાર્ટમેન્ટ્સને તેમના પાવર પોઈંટ પ્રેઝન્ટેશન સોમવાર સુધીમાં મોકલી આપવા અંગે કડક તાકીદ કરી હતી.
- ગાંધીનગરમાં આજે બપોર પછી વિવિધ કચેરીઓ ખાલીખમ દેખાતી હતી.
- ગુજરાત સમાચારના ફોટોગ્રાફર ધર્મેન્દ્રસિંહ કુંપાવતનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે સતત ત્રીજે દિવસે પણ કોરોનાના કેસમાં ઘટાડાનો ટ્રેન્ડ જળવાઈ રહેવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ઠંડી વધતાં જનજીવન પર તેની અસરો દેખાવા લાગી છે. સ્વેટર, ટોપી પહેરી લોકો નીકળે છે. જો કે મોર્નિંગ વોકર્સની સંખ્યામાં વધારો થયો છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



મમ્મી, તે મને કોરોનાથી બચવા એટલાઉકાળા પીવડાવ્યા છે જેનાથી મારી ઈમ્યુનિટી એટલી વધી કે, હવે લાગે છે કે હું અમર થઈ જઈશ...!!

# મોબાઈલ ટાવરોની બેટરી ચોરતી ટોળકીના ત્રણ સભ્યો ઝડપાયા

### એલસીબી પોલીસે દહેગામના નીલકંઠ છાપરા પાસેથી જીપડાલુ અને ૭૨ બેટરીઓ અને રૂ.૨૮ હજારના પાંચ ફોન પણ કબ્જે કર્યા છે

ગાંધીનગર, તા.૧૯

મોબાઈલ ટાવર બેટરીઓની ચોરી કરતી ટોળકીના ત્રણ સભ્યોને એલસીબી પોલીસે દબોચી લીધા છે. પીકઅપ ડાલામાં ચોરી કરેલી ૭૨ બેટરી વેચવા માટે મોડાસા જઈ રહ્યા હતા. તે સમયે દહેગામના નીલકંઠ છાપરા પાસેથી એલસીબીની ટીમને આ શખ્સોને પકડવામાં સફળતા મળી હતી. એલસીબી પોલીસે રૂ.૭૨ હજારની ૭૨ બેટરી, રૂ.૨૮ હજારના ૫ મોબાઈલ ફોન, રૂ.૫ લાખનું પીકઅપ ડાલુ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી એલીસીબીની ટીમે પાંચ ગુનાનો ભેદ પણ ઉકેલી નાંખ્યો છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ગ્રામ્ય, સાબરકાંઠા, અને ગાંધીનગર જિલ્લામાં છેલ્લા દોઢ માસથી મોબાઈલ ટાવરોની બેટરીની ચોરી કરતી ગેંગ સક્રિય થઈ છે. ટાવરોની બેટરી ચોરી અંગે આર.એસ.સિકયુરીટી દ્વારા ફરીયાદ કરવામાં આવી હતી. જેથી આ ગેંગને પકડી પાડવા માટે ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના સુચના આપી હતી. જેથી એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ટીમ કામે લાગી ગઈ હતી. તા.૧૮ ના રોજ પીએસઆઈ વી.કે.રાઠોડ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ જીગ્નેશકુમાર અને દિગ્વિજયસિંહને બાતમી મળી હતી. એક બોલેરો પીકઅપ ડાલુ નં.જી.જે.૨૭.ટી.ટી.-૪૩૫૮ મોબાઈલ ટાવરોની ચોરીની બેટરીઓ ભરી ઓઢવથી નીકળી નરોડા, દહેગામ, રખીયાલ થઈને મોડાસા તરફ જશે. જેને પગલે પોલીસે નીલકંઠ છાપરા પાસે રેલ્વે ફાટક નજીક વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે બાતમીવાળુ ડાલુ નીકળતા તેને પકડી પાડ્યું હતું. પોલીસે ડાલમાં પાથરેલ કાળા કલરનુ મીણીયાનું પ્લાસ્ટીક હટાવતા નીચે કાળા કલરની બેટરીઓ ભરેલી હતી.

પોલીસે ત્રણ શખ્સોના નામ પુછતા રમેશ વગતારામ પટેલ (ચૌધરી) (ઉં.૩૫ રહે. સી-૩૦૩, સરરેશ પેરેડાઈઝ ફલેટ ગોવર્ધન પાર્કીની પાછળ અર્બુદાનગર ઓઢવ મુળ રહે. કમાલપુરા, પોસ્ટ, કારોલા, તા.સાંચોર, જી.રાજસ્થાન), યશવંત કમલેશસીંગ (ઉં.૨૪ રહે.બેટી બચાવો સર્કલ પાસે વિરાટનગર, મુળ ૧૬-બી સાંઈ ધામ કોલોની રાઉ, ઈન્દોર મધ્યપ્રદેશ), તેમજ મનિષ નાથુભાઈ વર્મા (ઉં.૨૨ રહે.એ.-૧૪ નીલકંઠ પાર્ક સોસાયટી ઓઢવ મુળ રહે. શીલદાસપુરા જયપુર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બેટરી અંગે આધારપુરાવા માંગતા સંતોષકારક જવાબ આપી શક્યા ન હતા. જયારે યશવંત કમલેશ સીંઘ અગાઉ મોબાઈલ મોબાઈલ ટાવર લગાવતી કંપનીમાં કામ કર્યુ હતું. જેથી મોબાઈલ ટાવરની બેટરીના કામથી જાણકાર હતો. જેથી છેલ્લા દોઢેક માસથી રૂપીયાની તંગીને પગલે પોતાના મિત્રો મનિષ વર્મા અને શંભુસિંહ પહાડસિંહ રાજપુત સહિત સૌ ભેગા મળીને દહેગામ અને આસપાસના વિસ્તારમાં મોબાઈલ ટાવરોની રેકી કરી હતી.

ત્યારબાદ વહેલી સવારે ભાડાનું પીકઅપ ડાલુ લઈને મોબાઈલ ટાવરોની બેટરી ચોરી કરતા હતા. શંભુસિંહ અને ડ્રાઈવર ખેમારામ સાથે મળી દોઢ માસ પહેલા કણભા નજીક હરણીયાવ ગામે, દહેગામના જલુદ્રા, અને કરોલી અને રખીયાલ ગામે, પ્રાંતિજના ઓરણ અને વાસણા ચૌધરી ગામે આવેલા મોબાઈલ ટાવરોની બેટરી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. જયારે ચોરી કરેલી બેટરી અમરાઈવાડી ખાતે મીથુન નામના ભંગારીયાને વેચી મારતા હતા. આ ૭૨ બેટરી પણ મીથુનને વેચવા માટે ગયા હતા પરંતુ મીથુનની દુકાન બંધ હોવાથી મોડાસા વેચવા માટે જઈ રહ્યા હતા તે સમયે એલસીબી પોલીસે દબોચી લીધા હતા. પોલીસે તમામ શખ્સો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



# જિલ્લા કક્ષા યુવા ઉત્સવની અલગ અલગ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક કલાકારો જોગ

ભારત સરકાર દ્વારા ૧૫ થી ૨૯ વર્ષના યુવક યુવતીઓ માટે રાષ્ટ્રીય યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવનાર છે. રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં ગુજરાતની ટીમ ભાગ લઈ શકે તે માટે રાજય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષા યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવનાર છે.

ઉત્સવનું આયોજન કોવિડની મહામારીને ધ્યાને લઈ વર્ચ્યુઅલ/ઓનલાઈન કરવામાં આવનાર છે. જે માટે ગાંધીનગર ગ્રામ્ય અને મહાનગરપાલિકા જિલ્લા કક્ષા યુવા ઉત્સવની અલગ અલગ સ્પર્ધામાં ભાગ લેનાર કલાકારે તા.૨૪, ડિસેમ્બર, ૨૦૨૦ સુધી જે તે ૧૮ વિભાગની કૃતિઓ (૧) સિતાર (૨) ફ્લ્યુટ (૩) તબલા (૪) વીણા (૫) મૃદંગ (૬) હાર્મોનીયમ (૭) ગીટાર તથા કલાસીકલ વોકલ સોલો (૮) હિન્દુસ્તાની (૯)કર્ણાટકી, કલાસીકલ ડાન્સ (૧૦) મણીપુરી (૧૧) ઓડીસી (૧૨) ભરતનાટ્યમ (૧૩) કથક (૧૪) કુચીપુડી (૧૫) ફોક ડાન્સ (૧૬) ફોક સોન્ગ (૧૭) એક પાત્રીય અભિનય (૧૮) શીઘ્ર વકૃત્વનું વિડીયો રેકોર્ડીંગની સીડી/પેનડ્રાઈવ એક કવરમાં આપવાની રહેશે. આ કવર પર તેઓના નામ, સરનામુ, મોબાઈલ નંબર તથા કયા વિભાગની કૃતિ છે તે વિગતો લખીને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ''સી'' વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમ્યાન રૂબરૂ આપવાની રહેશે.

# ભારતની પહેલી બુલેટ ટ્રેન અમદાવાદથી વાપીનું અંતર સવા કલાકમાં પૂર્ણ કરશે

### અમદાવાદથી વાપી સુધીના રેલવે ટ્રેકનું કામ પૂર્ણ થતાં ટ્રેન શરૂ કરી દેવાશે, ત્યારબાદ મહારાષ્ટ્રના વિસ્તારનું કામ શરૂ થશે

ગાંધીનગર, તા. ૧૯

ભારતની પ્રથમ બુલેટ ટ્રેન બે વર્ષ પછી જ્યારે શરૂ થશે ત્યારે અમદાવાદથી વાપીનું અંતર માત્ર સવા કલાક સુધીમાં કાપશે. રેલવે ઓથોરિટીએ એવું નક્કી કર્યું છે કે અમદાવાદથી વાપી સુધીના રેલવે ટ્રેકનું કામ પૂર્ણ થતાં ટ્રેન શરૂ કરી દેવામાં આવશે, ત્યારબાદ મહારાષ્ટ્રના વિસ્તારનું કામ શરૂ થશે.

રેલવેના ટોચના અધિકારીએ કહ્યું હતું કે અમદાવાદથી મુંબઈ સુધીનો રેલવે ટ્રેક તૈયાર થશે ત્યારે આ બુલેટ ટ્રેન માત્ર બે કલાકમાં મુંબઈ પહોંચાડશે. આ ટ્રેનનું અંતર ૫૦૮ કિલોમીટરનું છે. આ પ્રોજેકટમાં ખર્ચનો મોટો હિસ્સો જાપાન સરકારનો છે.

૧.૦૮ લાખ કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલી બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે ગુજરાતમાં ૧૦૦ટકા જમીન સંપાદન થઈ ચૂકી છે અને તેની કામગીરી એલએન્ડટી કંપનીને આપવામાં આવી છે તેથી કામમાં ઝડપ આવવાથી બુલેટ ટ્રેનમાં ૨૦૨૩ સુધીમાં મુસાફરો સફર કરી શકશે. જો કે મહારાષ્ટ્રમાં જમીન સંપાદન પ્રક્રિયા હજી ચાલી રહી છે તેમ છતાં રેલવે બોર્ડે ૩૦ ટકા જમીન સંપાદન કરી દીધી છે.

અમદાવાદ અને મુંબઈ વચ્ચે દોડનારી ભારતની પહેલી બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે જાપાન સરકારે ૦.૧ ટકાના વ્યાજ દરે ૭૯૦૦૦ કરોડ રૂપિયાની લોન આપી છે. આ લોનની સંપૂર્ણ અવધિ ૫૦ વર્ષની રાખવામાં આવી છે અને મોરેટોરિયમ પિરીયડ ૧૫ વર્ષનો રહેશે.

આ પ્રોજેક્ટમાં જમીન સંપાદનની પ્રક્રિયા નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન કરી રહ્યું છે. ગુજરાતમાં બુલેટ ટ્રેનના ટ્રેક માટે ૨૯૮ ગામોની ૧૪૩૪ હેક્ટર જમીન સંપાદન કરવાની થતી હતી જે કામગીરી લગભગ પૂર્ણ થવા આવી છે. મહારાષ્ટ્રમાં ૧૦૪ ગામની ૩૫૦ હેક્ટર જેટલી જમીન સંપાદન કરવાની થાય છે.

ગુજરાતના આઠ જિલ્લાના ૧૯૭ ગામોમાંથી બુલેટ ટ્રેન પસાર થવાની છે. આઠ સ્થળોએ અદ્યતન સ્ટેશન બનાવવામાં આવશે. બુલેટ ટ્રેનના કુલ ૫૦૮.૧૭ કિલોમીટરના કોરિડોરમાંથી ૧૫૫.૭૬ કિલોમીટર લાંબો કોરિડોર મહારાષ્ટ્રમાંથી પસાર થાય છે જયારે ગુજરાતમાં ૨૪૮.૦૪ કિલોમીટર અને દાદરા નગર હવેલીમાં ૪.૩ કિલોમીટરનો કોરિડોર છે.







ફાયર એનઓસી મામલે સેક્ટર-૧૧ શોપિંગ સેન્ટરની ઘણી દુકાનો બંધ છે. આવા સમયે ગ્રાહકોને મુશ્કેલી ન પડે તે હેતુથી એરટેલ કંપનીએ પોતાની ઓફિસની આગળ જ ટેન્ટ બાંધી દીધો છે અને ગ્રાહકો માટેની સુવિધા ઉભી કરી છે.

# ૩૦ ટકા ગરીબ બાળકોને શિક્ષણ મળી રહ્યું નથી

કોરોના વાયરસના કારણે માર્ચથી સમગ્ર દેશમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું હતું. જેના કારણે સ્કૂલો પણ બંધ કરવી પડી હતી અને હાલમાં પણ સ્કૂલો શરૂ કરવામાં આવી નથી. જેના કારણે ઓછી આવક ધરાવતા ઘરોના બળકો માર્ચથી કોઈ પણ જાતનું શિક્ષણ મેળવી શક્યા નથી. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ અને યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ) દ્વારા કરવામાં આવેલા એક સર્વેમાં આ વાત સામે આવી છે. બંને સંસ્થાઓએ મળીને 'એક્સેસ ટુ લર્નિંગ ફોર લો-ઈક્મ હાઉસહોલ્ડ્સ ડ્યુરિંગ કોવિડ-૧૯ સ્કૂલ ક્લોઝર્સ અંતર્ગત એક સર્વે કર્યો હતો. આ સર્વે આ વર્ષે જૂલાઈથી સપ્ટેમ્બર દરમિયાન આવા ૩૭૫ ઘરના ૭૦૦ બાળકો પર કરવામાં આવ્યો હતો. આ સર્વેનો હેતુ નબળી આર્થિક પરિસ્થિતિ ધરાવતા પરિવારોના બાળકોને અભ્યાસમાં કેવી તકલીફ પડી તે જાણવાનો હતો. આ સર્વેમાં જાણવા મળ્યું કે ૩૦ ટકા બાળકો કોઈ પણ જાતનું શિક્ષણ મેળવી શક્યા ન હતા. જ્યારે ૩૩ ટકા વિદ્યાર્થીઓએ નિયમિત રીતે ખાનગી સ્કૂલોનું શિક્ષણ લીધું હતું. ૨૬ ટકા વિદ્યાર્થીઓએ સરકારી સ્કૂલો એટેન્ડ કરી હતી. સર્વેમાં કહેવામાં આવ્યું હતું કે આ વિદ્યાર્થીઓને તેમના અભ્યાસમાં લાંબો સમય વિક્ષેપ પડ્યો છે અને તેમને સ્કૂલોમાં લાવવા માટે તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.

# અમરાપુરા(ખ)ના તમામ પશુઓનું એક જ દિવસમાં ઈયર ટેગીંગ કરવામાં આવ્યુ

### અમરાપુર(ખ) ખાતે મેગા પશુ સારવાર કેમ્પમાં ૧૩ થી વધુ પશુઓની સ્થળ પર જ શસ્ત્રક્રિયા કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના અમરાપુરા(ખ) ખાતે આજે મેગા પશુ સારવાર કેમ્પનું આયોજન કરાયુ હતુ જેમાં ૧૭૦૦થી વધુ પશુઓનું ઈયર ટેગીંગ કરી ગામના ૧૦૦ ટકા પશુઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

વેટરનરી પોલીક્લીનીક, જિલ્લા પંચાયત ગાંધીનગર તેમજ કામધેનુ યુનિ.ના તાંત્રિક અધિકારીઓ દ્વારા સંયુક્ત રીતે યોજાયેલા આ પશુ સારવાર કેમ્પમાં અદ્યતન સેવાઓ પુરી પાડવામાં આવી હતી.

આ કેમ્પમાં રાજયના પશુપાલન નિયામક ડૉ. ફાલ્ગુનીબેન ઠાકર, સંયુક્ત પશુપાલન નિયામક ડૉ. સી.જે. ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કેમ્પમાં ડૉ. અનિલ દેસાઈ દ્વારા ૧૪ જેટલી સફળ શસ્ત્રક્રિયાઓ કરાઈ હતી જેમાં ખાસ કીરને પશુને ચાલવામાં તકલીફ એટલે કે તણછનું નિદાન કરી સફળ શસ્ત્રક્રિયા સ્થળ પર જ કરવામાં આવી હતી.

આ કેમ્પમાં ગાય વર્ગ-૫૦, ભેસ વર્ગ-૩૮, ઘેટાં બકરાં-૨૦, ઘોડા-૩, ઊંટ-૬૫ મળી કુલ ૧૭૬ જેટલા પશુઓને વિવિધ પ્રકારની સારવાર જેવી કે મેડીસીન સારવાર (૯૪), શસ્ત્રક્રિયા (૧૪), પશુ વ્યંધત્વ નિવારણ સારવાર (૪૨), ઘેટાં બકરામાં કૃમિનાશક દવા પીવડાવી (૨૦), કૃત્રિમ બીજદાન, ઊંટમાં ઝેરબાઝના (ચકરી) તથા ચામડીના રોગના ઈન્જેકશન તથા ઘોડાઓના વિવિધ રોગોની સારવાર વૈજ્ઞાનિક ઢબે આપવામાં આવી. આ કેમ્પમાં પશુ સારવાર સુદ્દઢ રીતે થઈ શકે તે સારૂ અને રોગ નિદાન સારૂ ૪૪ જેટલા નમુના જેવા કે ઝાડા, લોહી, ચામડી, બ્લડ સ્મીયર, બ્લડ સીરમ વિગેરે પશુરોગ સંશોધન કચેરી, અમદાવાદ દ્વારા એકત્રીત કરવામાં આવ્યા.

આ કેમ્પને સફળ બનાવવા જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલ, નાયબ પશુપાલન નિયામક, વેટરનરી પોલીક્લીનીક, ગાંધીનગર, ડૉ. સંજય સી. પટેલ, નાયબ પશુપાલન નિયામક, ઘ-૫ સુ.યો. ગાંધીનગરના ડૉ. એસ.ડી પરીખ અને તેમની ટીમ, કામધેનું યુનિવર્સિટીના તજજ્ઞો ડૉ. વિશાલ સુથારની ટીમ, ઘનિષ્ટ પશુ સુધારણા યોજના ઉપકેન્દ્ર ખરણાંના પશુધન નિરિક્ષક વી.એમ. પટેલ, જિલ્લા પંચાયત પશુપાલન શાખાના પશુ ચિકિત્સા અધિકારીઓ તથા કર્મચારીઓએ સેવાઓ પુરી પાડી.

તદ્ ઉપરાંત પશુઓની દવા ઉત્પાદક કંપનીઓ રાકેશ ફાર્મા, હિમાલયા ડ્રગ્સ અને ટીનેટા ફાર્મા દ્વારા તેમની વિવિધ પ્રોડક્ટ પણ પશુપાલકોને વિનામુલ્યે પુરી પાડી સહયોગ આપવામાં આવ્યો. આ કેમ્પને સફળ બનાવવામાં અમરપુરા(ખ) દૂધ ઉત્પાદક સહકારી મંડલી લિ. અમરાપુરા (ખ) ગ્રામ પંચાયત તથા જિલ્લા સદસ્યોનો ઉમદા સહયોગ મળ્યો હતો.



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઘરમાં રહો સુરક્ષિત રહો

**કાર્યપાલક ઈજનેર, અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**

**જાહેર નિવિદા નં. ૧૬/૨૦૨૦-૨૧**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફોન નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા પંચાયત ઘર તથા બ્રિજનું કામ જેની અંદાજીત રકમ રૂ. ૧૩.૦૬ લાખથી રૂ. ૩૩૫.૯૯ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર માંગવામાં આવે છે. જે વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૨૨/૧૨/૨૦૨૦ થી તા. ૬/૧/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૪૧૧/૨૦૨૦